# અમારો સંપર્ક કરો

LONDON FIRE BRIGADE

**સંકટ સમયે 999 ડાયલ કરો**
અન્ય કોઇ કારણ માટે આ નંબરનો ઉપયોગ કરવો નહીં.

**999નો સંપર્ક**
તમારે ફાયર બ્રિગેડ, પોલિસ કે એમ્બ્યુલન્સની જરૂર હોય ત્યારે તેમારે 999 નંબર ડાયલ કરવો જોઇએ. 999 પર બધા જ કોલ વિનામૂલ્યે કરી શકાય છે. તમે તમારા મોબાઇલ સહિત કોઇ પણ ફોનથી સંપર્ક કરી શકશો.

તાત્કાલિક જરૂર ન હોય તો 999નો સંપર્ક કરશો નહીં. 999 પર કરવામાં આવતા બધા જ કોલનું રેકોર્ડીંગ કરવામાં આવે છે અને તમે મજાક માટે આ કોલ કરશો તો તમે કાયદાનું ઉલ્લંઘન કર્યું ગણાશે.

જ્યારે તમે ફોન કરશો ત્યારે ઓપરેટર તમારે ફાયર બ્રિગેડ, પોલિસ અને એમ્બ્યુલન્સમાંથી કઇ તાત્કાલિક સગવડ જોઇએ છે તે અંગે પૂછશે. ધ્યાનથી સાંભળો અને ધીરજ રાખો.

ત્યારબાદ તમારે જોઇતી સેવા મુજબ કોલને ઇમર્જન્સી કંટ્રોલ રૂમના ઓપરેટર પાસે તબદીલ કરવામાં આવશે. તેઓ તમને થોડા પ્રશ્નો પૂછશે. સ્પષ્ટ ઉત્તર આપો અને તમને કહેવામાં ન આવે ત્યાં સુધી ટેલિફોન નીચે મુકશો નહીં.

તમે અંગ્રેજીમાં વાત કરી શકતા ન હોવ તો અમારી સલાહ છે કે તમારૂ સરનામું અને તમે ઉપયોગમાં લીધેલા ટેલિફોનનો નંબર બોલવાનો મહાવરો રાખો, જે અમને તમારા ઘર સુધી લઇ જશે.

**સામાન્ય પૂછપરછ અને બિન-તાત્કાલિક સેવાઓ**

London Fire Brigade
169 Union Street, London SE1 0LL

**ટેલી:** 020 8555 1200
**ઇમેલ:** info@london-fire.gov.uk
(સેવાનો સમય: સોમવારથી શુક્રવાર, સવારે 8થી સાંજે 5)

અમે ફોનના ફક્ત અંગ્રેજીમાં ઉત્તર આપીએ છીએ. જોકે વિનંતી પર અમે દૂભાષીયો કે ભાષાંતરની સેવા આપી શકીએ. અમને કોઇ વિદેશી ભાષામાં પત્ર કે ઇમેલ મળે તો અમે તેનું ભાષાંતર કરાવી સમાન તેમની ભાષામાં ઉત્તર આપીશું.